પર્યુષણના દિવસો છે, તેમાં હિંસા કરવાની જગ્યાઓમાં કોઈપણ જાતના જીવોની હિંસા કરવામાં નહીં આવે તો, આપને માન મળવાનું કારણ થશે, અને ઘણા જીવો આપના ઊંચા અને પવિત્ર હુકમથી બચી જશે. તેમ તેનો સારો બદલો આપના પવિત્ર, શ્રેષ્ઠ અને મુબારક રાજ્યને મળશે.'

અમે બાદશાહી રહેમનજર દરેક નાત-જાતના અને ધર્મના હેતુ તથા કામને ઉત્તેજન આપવા બલ્કે દરેક પ્રાણીને સુખી કરવા તરફ રાખી છે. તેથી એ વિનંતી કબૂલ કરી દુનિયાએ માનેલો અને માનવાલાયક જહાંગીરી હુકમ થયો કે, મજકુર બાર દિવસોમાં દર વર્ષે હિંસા કરવાની જગ્યાઓમાં તમામ રક્ષિત રાજ્યની અંદર પ્રાણીઓને મારવામાં આવે નહીં અને એ કામની તૈયારી કરવામાં પણ આવે નહીં. વળી એ સંબંધી દર વર્ષનો નવો હુકમ કે સનદ (પણ) માગવામાં આવે નહીં. એ હુકમ મુજબ અમલ કરી ફરમાનથી વિરુદ્ધ વર્તવું નહીં. એ ફરજ જાણવી જોઈએ.

નમ્રમાં નમ્ર અબુલખૈરના લખાણથી અને મહમ્મુદ સૈદની નોંધથી.

નકલ અસલ મુજબ છે.

સિક્કો

આ સિક્કો વાંચી શકાતો નથી.

('સૂરીશ્વર અને સમ્રાટ', પૃ. ૩૮૨ થી ૩૮૭)

**નોંધ :** બા૦ જહાંગીરને જૈન સાધુઓ પ્રત્યે ઘણું માન હતું. તે પિતાના પગલે પગલે રાજવ્યવહાર ચલાવવા ચાહતો હતો.

આથી પિતાજીએ આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ વગેરેને જે જે ફરમાનો આપ્યાં હતાં તેણે એમના ચેલાઓને પિતાનાં તે તે અસલી ફરમાનોને તાજાં કરી નવાં ફરમાન આપ્યાં હતાં. જૂનાં ફરમાનોને સમર્થન આપ્યું હતું.

તેણે આ ફરમાન જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિના પરિવારના સાધુ **પં૦ વિવેકહર્ષગણિને** જુલસી સન ૫, ઈલાહી સન ૫૫, ફરવરદિન મહિનો તા. ૨૬, હીજરી સન ૧૦૧૯ (અથવા ૧૦૨૧) મહિનો મહોરમ, ઈ. સ. ૧૬૫૧, વિ. સં. ૧૬૬૬ (અથવા ૧૬૬૮)ના ચૈત્ર સુદમાં આગરામાં આપ્યું હતું.

મહો૦ વિવેકહર્ષગણિ ત્યારે પંન્યાસ હતા. તેઓ સં. ૧૬૬૬ થી સં. ૧૬૬૯ સુધી તે પ્રદેશમાં વિચર્યા હતા.

(પ્રક. ૫૫–મહો૦ વિવેકહર્ષગણિ, પૃ. ૪૧૯)